



મહાત્મા મંદિરે ધમધમાટ - ગાંધીનગરમાં અધિવેશનો અને કાર્યક્રમોથી ધમધમી રહેલ મહાત્મા મંદિરમાં વધુ એક રાષ્ટ્રીય અધિવેશન ૩૦મીથી આરંભાય છે... ટેક્સટાઈલ કોન્ફરન્સનો શુભારંભ કરાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦મીએ ગાંધીનગર પધારી રહ્યા છે... મહાત્મા મંદિર ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે...

# સમયસરના ચોમાસાને પગલે ખેડૂતો ખેતીમાં જોતરાયા

**૫૦ ટકા વાવેતર સંપન્ન : મગફળી, કપાસ, શાકભાજી, ડાંગરનું વાવેતર થયુ : તમાકુનુ વાવેતર કલોલમાં થયુ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સમયસર ચોમાસાની ઋતુનો આરંભ થતાં જ જિલ્લાભરના ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. આ વખતે ખરીફ ઋતુમાં અત્યાર સુધીમાં ૨૯,૫૪૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ જવા પામ્યુ છે. જિલ્લામાં થતા વાવેતરનું ૫૦ ટકા વાવેતર સંપન્ન થયુ છે તેમ કહી શકાય.

જિલ્લામાં આ વર્ષે ઘાસચારા ઉપરાંત શાકભાજીના પાકોનુ પણ સારૂ એવુ વાવેતર થવા પામ્યુ છે. જિલ્લામાં ગત વર્ષે મગફળીના વાવેતરના સફળ પ્રયોગ બાદ આ વખતે પણ ખેડૂતોએ મગફળીના વાવેતર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જે જિલ્લામાં બદલાઈ રહેલી પાક પેટર્નનો નિર્દેશ આપે છે.

જિલ્લામાં ખરીફ ઋતુ દરમ્યાન ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં સામાન્યતઃ વાવેતર થતુ રહ્યુ છે અને આ વખતે સમયસરના ચોમાસાને પગલે પણ આ સરેરાશ જળવાઈ રહેશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કપાસના પાકનું વાવેતર જિલ્લામાં ૧૫ હજાર હેકક્ટરમાં નોંધાયુ છે. જેમાં સૌથી વધુ માણસામાં ૬૪૨૦ અને બીજા ક્રમે ગાંધીનગરમાં ૪૯૮૬ હેક્ટરમાં થયું છે. જ્યારે કલોલ અને દહેગામમાં મળી ૩૧૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં તમામ કલેકટરોના ટ્વીટર હેન્ડલ કાર્યરત કરાયા

ગાંધીનગર,તા. ૨૭

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાના સંકલ્પને વાચા આપતાં એક નવિન પહેલ રૂપે રાજ્યના તમામ જિલ્લા કલેકટરોના ટવીટર હેન્ડલ કાર્યરત કર્યા છે. મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી અને મહેસૂલપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અભિનવ કાર્યપદ્ધતિ માટે મહેસૂલ વિભાગને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યપ્રધાને પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર સુશાસન સ્થંભ ઉપર રાજ્યની વિકાસ યાત્રાને નવી દિશા આપી છે તેમાં આ ટવીટર હેન્ડલ વધુ બળ પુરૂ પાડશે.

મહેસૂલ અગ્રસચિવ પંકજ કુમારે જિલ્લા કલેકટરોને ટવીટર હેન્ડલ એકટીવેટ કરવા આપેલ માર્ગદર્શન-દિશા સૂચનને પગલે જિલ્લા કલેકટરએ ટવીટર હેન્ડલ કાર્યરત કર્યા છે. આ ટવીટર હેન્ડલ પર નાગરિકો મદદ સહ રજૂઆતો, ફરિયાદ કે પોતાના સૂચનો આપી શકશે.

● અનુસંધાન પાન-૭ પર

## રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વધુ ૩.૬૫ કરોડના કામોને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વિવાદાસ્પદ બનેલ રેતી-કાંકરી ગ્રાન્ટમાંથી વિકાસ કામોને સામાન્ય સભાએ આપેલી મંજૂરી બાદ આજે જિલ્લાતંત્રએ વધુ રૂ. ૩.૬૫ કરોડના વિકાસકામોને વહીવટીય મંજૂરી આપી છે.

ત્રણ તબક્કામાં મળી તંત્ર દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૧૨.૫૦ કરોડના કામોની મંજૂરી આપી દેવામાં આવી છે. જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ રૂ. ૨૦ કરોડના કામો જે સૂચવાયા હતા તેને બહાલી આપી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાકક્ષાએથી જે ૩.૬૫ કરોડના કામોને વહીવટીય મંજૂરી અપાઈ છે તેમાં દહેગામમાં ૭૭ કામો માટે ૧૭૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. કલોલમાં ૪૫ કામો માટે ૯૪ લાખ અને માણસામાં ૪૬ કામો માટે ૯૪ લાખની વહીવટીય મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લાતંત્ર દ્વારા જે કામોને વહીવટીય મંજૂરી આપવામાં આવી છે તેમાં પાણીની પાઈપલાઈન, ગટરલાઈન, આડબંધ, પેવર બ્લોકના કામો ઉપરાંત એલઈડી લાઈટ્સના કામોનો સમાવેશ થાય છે.

વિકાસના કામોને વહીવટીય મંજૂરી મળતાં જ હવે સભ્યો દ્વારા વિસ્તારમાં કામો શરૂ કરાવવા માટેની કામગીરીમાં વ્યસ્ત બનતા રાજકીય વાતાવરણ પણ શાંત બની ગયુ છે.

# શહેરમાં ગાજ્યા મેહ વરસ્યા નહીં

ગાંધીનગર તા ૨૭

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૧૦ મી મી વરસાદ પડયો છે. છેલ્લા બે દિવસથી ગાજયા મેઘ વરસ્યા નહીં તેવો ઘાટ સર્જાયો છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં વાદળ ગર્જના થતી કાને અથડાઈ હતી. જેના લીધે મેઘરાજા મનમુકીને વરસશે તેવી આશ પ્રબળ બની હતી પરંતુ ગાજયા મેઘ વરસતા નહીં મેઘરાજા હાઉકલી કરીને અદ્રશ્ય થઈ ગયા હતા. શહેરમાં અષાઢી બીજના રોજ સાંજે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. વરસાદના ભારે ઝાપટાથી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. પરંતુ છેલ્લા બે દિવસથી આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો વચ્ચે વાદળગર્જના સાથે વરસાદી માહોલની જમાવટ જોવા મળે છે. પરંતુ મેહુલિયો મન મુકીને વરસતો નથી.આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના જ વિદાય લઈ લે છે. ગઈકાલે સાંજે પણ વરસાદી વાયરો ફુંકાયો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા. પરંતુ વરસાદ માત્ર બે ઘડી હાજરી પુરાવી અદ્રશ્ય થઈ ગયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૧૦ મી મી વરસાદ નોંધાયો હતો. જયારે આજે પણ વરસાદી માહોલ યથાવત રહયો હતો. પરંતુ માત્ર છુટાછવાયા છાંટણાથી વધુ ગાજયા મેઘ વરસ્યા ન હતા. દિવસ દરમિયાન વાદળ ગર્જના સાથે આકાશમાં જળ ભરેલા વાદળો પણ ડોકીયુ કરતા નજરે પડયા હતા. ગાજવીજના અંતે મેઘરાજા વરસ્યા ન હતા. છેલ્લા એક સપ્તાહથી મેઘરાજા જાણે હાઉકલી કરીને અદ્રશ્ય થઈ જતા હવે મેહુલિયો મુશળધાર વરસે તેવી વાટે સો કોઈ છે.



**સોમવારની સાંજે શહેરના આકાશમાં વાદળો ગોરંભાયેલા : મેઘરાજાની લુપાછુપી**

# જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા રહીશો આગ બબુલા

**ચરેડી ટાંકીના વાલ્વમાં ખામી સર્જાતા પાણીની સમસ્યા સર્જાઇ : છેલ્લા એક મહીનાથી પાણીની સમસ્યા : સ્થાનિક નગરસેવકની ઉગ્ર રજુઆત આંદોલન કરવાની ચિમકી**

ગાંધીનગર તા ૨૭

શહેરના જુના સેકટરોમાં આજે પાણીની પોકાર ઉઠવા પામી હતી. ચરેડી પાણીની નવી ટાંકીના વાલ્વમાં ટેકનિકલ ખામી સર્જાતા નગરના જુના સેકટરોમાં ફોર્સથી પાણી આવ્યુ ન હતુ. જેના લીધે સકટરોમાં સવારથી જ પાણીની બુમ ઉઠવા પામી હતી. થોડા સમય અગાઉ નવા સેકટરોમાં પણ પાણીની સમસ્યા સર્જાઇ હતી. જો કે તંત્રના જણાંવ્યા મુજબ વાલ્વની ખામી દુર થતા હવે નિયમિત સપ્લાય પુરો પાડવામાં આવશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે સેકટરોમાં વારંવાર પાણીની બુમ ઉઠવા પામે છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતા નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. થોડા સમય અગાઉ નવા સેકટરોમાં પાણીની સમસ્યા ઉદભવી હતી. જયારે આજે નગરના જુના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો હતો. આ મામલે વોર્ડનં-૪ના કોર્પોરેટર અંક્તિ બારોટે પણ પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ આજે રજુઆત કરી હતી. તેમના જણાંવ્યા મુજબ સે-૨૪ સહીતના વિસ્તારમાં છેલ્લા એક મહીનાથી પાણીની સમસ્યા સર્જાઇ છે. સ્થાનિક રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. રહીશો પાણી વેરો ચુકવે છે. પરંતુ પાણી મળતુ નથી જયારે પાણી ફોર્સથી ન મળે ત્યાં સુધી ટેન્કર મારફતે પાણી પુરુ પાડવા માટે પણ માંગણી કરવામાં આવી છે. પાણીની સમસ્યાનો ત્વરિત ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ જુના સેકટરોમાં બુધવારથી ફોર્સથી પાણીનો સપ્લાય આપવામાં આવશે. આજે ચરેડી સ્થિત પાણીની નવી ટાંકીના વાલ્વમાં ખામી સર્જાતા પાણી ફોર્સથી આપી શકાયુ ન હોવાનુ પણ તંત્રના અધિકારીઓએ જણાંવ્યુ છે. જો કે વાલ્વ રીપેરીંગનુ કામ પુર્ણ થતા હવે પાણીની કોઈ સમસ્યા નથી.

# ઈન્દ્રોડા ઉદ્યાનમાં ઝાડીઓની કટોતીથી પક્ષીઓ ઘર વિહોણાં

ગાંધીનગર તા ૨૭

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં છેલ્લા પાંચ દાયકાથી અસ્તિત્વ ધરાવતી ઝાડીની કટોતીથી હરિયાળીનુ નિકંદન વળી રહયુ છે. લીલીછમ ઝાડી મશીનથી દુર કરી દેવાઈ છે. જેના પરિણામે પક્ષીઓનો ઘરવિહોણાં થઈ ગયા છે. બોગનવેલ તેમજ કંથરની ઝાડીઓ દુર કરાતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. મુખ્યમંત્રી આ સંસ્થાના ચેરમેન હોવાછતા હરિયાળીનો બિન્દાસ્ત રીતે સફાયો કરવામાં આવી રહયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. વનવિભાગના ઉચ્ચ અધિકારીઓએ આ મામલે યોગ્ય તપાસ કરવા પણ માંગ ઉઠવા પામી છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં છેલ્લા બે વર્ષથી હરિયાળીનુ છેદન થતુ હોવાથી પ્રકૃતિ પ્રેમીઓમાં ઘોર નારાજગી વ્યાપી છે. હાલ છેલ્લા પાંચ દાયકાથી અસ્તિત્વ ધરાવતી હરિયાળી ઝાડી દુર કરવામાં આવી રહી છે. લીલીછમ ઝાડી પર મશીન ફેરવી દેવાયુ છે. એકબાજુ વધુ વૃક્ષો વાવવા માટે જાહેરાતો કરવામાં આવે છે . ત્યારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વૃક્ષોની કટોતી થતી હોવાનુ પણ અગાઉ ધ્યાને આવ્યુ હતુ. બીજીતરફ હવે મનસ્વી રીતે વર્ષોજુની બોગનવેલ તેમજ કંથરની ઝાડીઓ દુર કરાતા પક્ષીઓ પણ ઘર વિહોણાં બન્યા છે. ઝાડીની કટોતી અંગે નિયામક આર ડી કંબોજને પણ જાણ કરવામાં આવી હતી. પરંતુ પાર્કના ડેપ્યુટી ડાયરેકટરપણ આ મામલે મનસ્વી રીતે કામગીરી કરી રહયા હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. ઝાડી દુર કરવા માટે હાઈફાઈ મશીનનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. જયારે પાર્કની હરિયાળીનુ નિકંદન વળી રહયુ છે. ગીરફાઉન્ડેશનના ચેરમેન મુખ્યમંત્રી હોવાછતા હરિયાળીના રક્ષણ અને જતન માટે બેદરકારી સેવાઈ રહી છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીએ પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લીધી હતી આ દરમિયાન પક્ષીઓને ચણ તેમજ પશુઓને ચારો પણ આપ્યો હતો. પરંતુ હાલ હરિયાળીનો ભોગ લઈ પક્ષીઓને બેઘર કરી દેવાની હરકતથી આક્રોશ છવાયો છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | Kisan | ashirvad | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી
સરકારી કોમર્સ કોલેજ કેમ્પસ, યુથ હોસ્ટેલ સામે, ગ-૪ પાસે,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬, ફોન નં.૦૭૯-૨૩૨૮૮૩૬૪
E-mail: info.sgsu@gmail.com વેબસાઇટ www.sgsu.gujarat.gov.in
હોસ્ટેલની સગવડ પૂરી પાડવા ઈચ્છુક પાર્ટીઓ જોગ
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યુનિવર્સિટીનાં આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે અલાયદી હોસ્ટેલની જરૂરિયાત છે. ઈચ્છુક પાર્ટી પાસે ઓછામાં ઓછા ૪૦ થી ૫૦ રૂમો વિથ એટેચ અથવા કોમન ટોઈલેટ, રીક્રીએશન રૂમ , કોમન કિચન વિથ ડાઈનીંગ હોલ હોવા જરૂરી છે. રસ ધરાવતી પાર્ટીએ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની ખાતે ઉપરોક્ત સરનામે તા.૦૧-૦૭-૨૦૧૭ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે યુનિવર્સિટીની કમિટી સમક્ષ વિગતવાર દરખાસ્ત લઈને ઉપસ્થિત થવાનું રહેશે.
રજીસ્ટ્રાર
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી,
ગાંધીનગર



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com